# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 08-06-2023** **Evening : 7.10 to 7.20**
**Day : Thursday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **હિના મોદી** વાંચે છે.

---

- અરબી સમુદ્રમાં ઉભુ થયેલુ વાવાઝોડુ બિપોરજોય પોરબંદરથી નૈઋત્યમાં 900 કિલોમીટર દુર પહોંચ્યું.
- રાજ્યના દરિયાકાંઠાના વિસ્તારોમાં ત્રણેક દિવસ તોફાની પવન અને વરસાદી ઝાપટા પડવાની શક્યતા. માછીમારોને દરિયો ન ખેડવાની સૂચના અપાઇ.
- વાહનવ્યવહાર રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ આજે ઇ-પાસ સિસ્ટમનો શુભારંભ કરાવ્યો- 12મી જૂનથી આ સિસ્ટમ અમલી બનશે.
- મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આંતરરાષ્ટ્રીય યોગ દિવસની રાજ્યકક્ષાની ઉજવણી સુરત ખાતેથી કરાવશે.
- રાજ્યના વિવિધ જીલ્લાઓમાં આજે વિશ્વ બ્રેઇન ટ્યુમર અને વિશ્વ મહાસાગર દિવસ અંગે જનજાગૃતિના કાર્યક્રમો યોજાયા.
- વલસાડની સરકારી એન્જીનીયરીંગ કોલેજના વિદ્યાર્થીઓને તેમના પ્રોજેક્ટ માટે હેકાથોનમાં પ્રથમ ક્રમાંક મળ્યો.

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# WEATHER

અરબી સમુદ્રમાં ઊભું થયેલું વાવાઝોડું બીપોરજોય હાલ પોરબંદરથી નૈઋત્યમાં ૯૦૦ કિલોમીટર દૂર પહોંચ્યું છે તેની ખસવાની ઝડપ કલાકના પાંચ કિલોમીટરની છે. આ ઉપરાંત તે વાયવ્ય દિશા તરફ ગતિ કરતું હોવાથી સંભવતઃ ઓમાન તરફ આગળ વધે તેવી શક્યતા છે. તેના લીધે રાજ્યના દરિયાકાંઠાના વિસ્તારોમાં ખાસ કરીને સૌરાષ્ટ્રના દરિયાકાંઠાના વિસ્તારોમાં તોફાની પવનની અસર વર્તાશે. પરંતુ રાજ્યના અંદરના ભાગો ઉપરથી વાવાઝોડાનું જોખમ લગભગ દૂર થઈ ગયું છે.

રાજ્યની હવામાન કચેરીના નિયામકના જણાવ્યા અનુસાર, હાલ બીપોરજોયની અસરને લીધે દરિયાકાંઠાના વિસ્તારોમાં જ તોફાની પવન ફુંકાય તેવી શક્યતા છે. જ્યારે રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં આ રવિ, સોમ અને મંગળ એમ ત્રણેક દિવસ હળવાથી મધ્યમ વરસાદી ઝાપટા થઈ શકે છે. તો દરિયાકાંઠાના વિસ્તારોમાં મધ્યમથી ભારે છૂટોછવાયો વરસાદ પડી શકે છે. જોકે દરિયો તોફાની રહેવાના કારણે માછીમાર ભાઈઓને બીજી સુચના આપવામાં ન આવે ત્યાં સુધી દરિયો નહીં ખેડવાની તાકીદ કરવામાં આવી છે.

હવામાન નિયામક મનોરમા મોહંતીએ આ પ્રમાણે જણાવ્યું..

**(બાઇટ- મનોરમા મોહંતી)**

------------------------

# CYCLONE

વલસાડ જિલ્લામાં વાવાઝોડાની ભીતિથી કાઠાંના 28 ગામોને એલર્ટ કરાયા છે. તો કચ્છ જીલ્લામાં વાવાઝોડાની પરિસ્થિતિને પહોંચી વળવા તંત્ર દ્વારા સલામતીના અનેક પગલાં લેવાઇ રહ્યા છે, જીલ્લા કલેકટર અમિત અરોરાએ વધુમાં આ મુજબ જણાવ્યું...

**(બાઇટ- અમિત અરોરા)**

ભાવનગર જિલ્લામાં કમોસમી વરસાદ પડવાની શક્યતાને લીધે ખેડૂતોને કાળજી રાખવા સૂચના આપવામાં આવી છે અને હાલમાં ખેતરમા જો કોઇ પાક ઉભો હોય તો સલામત જગ્યાએ રાખવા જણાવાયું છે.

પોરબંદર જિલ્લામાં દરિયા નજીક વસવાટ કરતાં રહીશોને વહીવટી તંત્ર દ્વારા સૂચના આપવામાં આવી છે અને જો વાવાઝોડું બિપોરજોય ત્રાટકે તો સાવચેતીના પગલા રૂપે તમામ તૈયારીઓ કરવામાં આવી છે.

ગીર સોમનાથ જીલ્લા પણ વાવાઝોડાને લઇને વહીવટીતંત્ર દ્વારા બેઠક યોજવામાં આવી છે અને સંભવિત પરિસ્થિતીને પહોંચી વળવા વહીવટીતંત્ર સજ્જ છે.

-----------------------

# CYCLONE NATIONAL

હવામાન વિભાગે કહ્યું છે કે, નૈઋત્ય ચોમાસું આજે કેરળ પહોંચી ગયું છે. સામાન્ટ રીતે કેરળમાં ચોમાસું પહેલી જૂને બેસી જાય છે. હવામાન વિભાગે જણાવ્યું છે કે, આવતા 48 કલાકમાં મધ્ય અરબી સમુદ્ર, તમિળનાડુ, કર્ણાટક

અને નૈઋત્ય અને મધ્ય તેમજ ઇશાન, બંગાળ અખાતના અન્ય કેટલાક ભાગમાં નૈઋત્ય ચોમાસું આગળ વધે તે માટેની પરિસ્થિતિ સાનૂકુળ છે.

પૂર્વ મધ્ય અરબી સમુદ્ર પર ચક્રવાતી તોફાન બિપરજોય કલાકના પાંચ કિલોમીટરની ઝડપે, ઉત્તર તરફ આગળ વધ્યું છે. તે આવતા 24 કલાકમાં ધીમેધીમે વધારે ઝડપી બનશે અને આવતા ત્રણ દિવસ દરમ્યાન વાયવ્ય દિશા તરફ આગળ વધશે.

------------------------

## S.T. E PASS

રાજ્યભરમાં 12મી જૂનથી ઇ-પાસ સિસ્ટમ અમલી બનશે. વાહનવ્યવહાર રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ આજે ઇ- પાસ સિસ્ટમનો શુભારંભ કરાવતાં જણાવ્યું કે, એસટી બસમાં મુસાફરી કરતાં વિદ્યાર્થીઓ અને મુસાફરો હવે ઘરે બેઠા પાસ મેળવવા માટે ઓનલાઈન અરજી કરી શકશે.

જેનો લાભ ત્રણ લાખથી વધુ મુસાફરો અને ૧૦ લાખથી વધુ વિદ્યાર્થીઓને થશે. આ ઇ પાસ મેળવવા pass.gsrtc.in પર ઓનલાઈન અરજી કરવાની રહેશે. શ્રી સંઘવીએ વધુમાં જણાવ્યું કે, નવી ઈ-પાસ સિસ્ટમના અમલીકરણથી સમયનો બચાવ થશે. ડિજિટલ માધ્યમથી પેમેન્ટ કરી શકાશે, જેથી રાજ્યમાં ડિજિટલ ક્રાંતિને વેગ મળશે. હાલમાં આ સિસ્ટમનો ઉપયોગ ધોરણ ૧થી ૧૨માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ વધારે કરી રહ્યા છે. આગામી સમયમાં રાજ્યની આઈ.ટી.આઈ. તથા કોલેજોનો સમાવેશ કરવાની કામગીરી હાથ ધરાશે.

------------------------

# YOGA DAY

આંતરરાષ્ટ્રીય યોગ દિવસની રાજ્યકક્ષાની ઉજવણી મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના અધ્યક્ષસ્થાને સુરત ખાતે થશે.. રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ મંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું છે કે, આ વર્ષે આંતરરાષ્ટ્રીય યોગ દિવસની થીમ છે 'એક પૃથ્વી એક સ્વાસ્થ્ય માટે યોગ'..

21મી જૂને સુરત ખાતે સવારે 6 વાગે યોજાનાર કાર્યક્રમમાં દોઢ લાખથી વધુ લોકો ભાગ લેશે. મુખ્યમંત્રી સવારે સાડા છ વાગ્યે રાજ્યના નાગરિકોને વર્ચ્યુઅલી સંબોધન કરશે. તો દેશભરમાં ઉજવાઈ રહેલા આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી અંતર્ગત પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સવારે પોણા સાત વાગ્યે વર્ચ્યુઅલી દેશવાસીઓને સંબોધશે.

શ્રી સંઘવીએ વધુમાં જણાવ્યું કે, રાજ્યના ધાર્મિક, પ્રવાસન, ઐતિહાસિક તથા શૈક્ષણિક મહત્વ અને કુદરતી સૌંદર્ય ધરાવતા 75 આઇકોનિક સ્થળો જેવા કે, સાબરમતી રિવરફ્રન્ટ, સ્ટેચ્યૂ ઓફ યુનિટી, કચ્છનું સફેદ રણ તથા મોઢેરા સૂર્યમંદિર જેવા સ્થળોએ આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરવામાં આવશે. રાજ્યના 33 જિલ્લાઓના જે 75 સ્થળોની પસંદગી કરાઈ છે તેમાં 10 જેટલાં ઐતિહાસિક સ્થળો, 7 જેટલાં ધાર્મિક સ્થળો, 17 જેટલાં પ્રવાસન સ્થળો, 33 જેટલાં જિલ્લા અને મહાનગરપાલિકાના સ્થળો અને 8 તાલુકા મથકોના સ્થળનો સમાવેશ થાય છે.

------------------------

# Brain Tumor Day

આજે વિશ્વ બ્રેઇન ટ્યુમર દિવસ છે. દર વર્ષે આઠમી જૂને આ દિવસે લોકોમાં બ્રેઇન ટ્યુમર અંગે જનજાગૃતિ ફેલાવવામાં આવે છે. સતત રેડિએશનના સંપર્કમાં રહેવાથી તથા ધુમ્રપાનની આદતો વગેરેના કારણે આ રોગનો ખતરો સતત વધતો જાય છે. ત્યારે લોકોમાં આ રોગ પ્રત્યે જાગૃતિ આવે તે હેતુસર વર્ષ 2000 થી દર વર્ષે આઠમી જૂને વિશ્વ બ્રેઇન ટ્યુમર દિવસ ઉજવવામાં આવે છે.

ડાંગ જીલ્લામાં આહવા સિવિલ હોસ્પિટલ ખાતે બ્રેન ટ્યુમર દિવસ નિમિત્તે નર્સિંગ સ્ટુડન્ટ અને હોસ્પિટલના દર્દીઓને માહિતગાર કરાયા હતા.

------------------------

# MAHASAGAR DIVAS

આજે વિશ્વ મહાસાગર દિવસની ઉજવણી કરવામાં આવી રહી છે. રાજ્યના વેરાવળ દરિયાકિનારે મિનિસ્ટ્રી ઓફ અર્થ સાયન્સ તેમજ વેરાવળ ફિશરીઝ કોલેજના સંયુક્ત ઉપક્રમે વિશ્વ મહાસાગર દિવસની ઉજવણી કરવામાં આવી અને અંદાજે સાડા આઠસો કિલો કચરો એકઠો કરવામાં આવ્યો.

આ કાર્યક્રમમા વેરાવળ-પાટણ નગરપાલિકાના પ્રમુખ પીયુષભાઈ દ્વારા ફિશરીઝ કોલેજના વિધાર્થીઓને સફાઈ અંગે માહિતી પુરી પાડવામા આવી હતી.

------------------------

# VALSAD- HEKATHON

વલસાડની સરકારી એન્જિનિયરિંગ કોલેજના કેમિકલ એન્જીનિયરિંગના વિદ્યાર્થીઓના એક પ્રોજેક્ટ માટે હેકાથોનમાં પ્રથમ ક્રમ મળ્યો છે. ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડ દ્વારા વેસ્ટ રિડક્શનના નિવારણ માટે યોજાયેલ આ પ્રોજેક્ટ માટે હેકેથોનમાં દેશભરમાંથી IIT, NIT, સહિતની જુદીજુદી નામાંકિત શૈક્ષણિક સંસ્થાઓના વિદ્યાર્થીઓની ૯૪ ટીમોએ ભાગ લીધો હતો.

જેમાં સરકારી એન્જિનિયરિંગ કોલેજ વલસાડના કેમિકલ ઇજનેરી વિભાગ પવન કલીવારપુ અને કેવિન પટેલે તેમજ પ્રોજેક્ટ ગાઈડ અને મેન્ટર ડૉ. ભદ્રેશ સુદાણી દ્વારા પ્રસ્તુત કરવામાં આવેલા પ્રોજેક્ટને વિજેતા જાહેર કરવામાં આવ્યા હતા અને તેમને ૫૦ હજાર રૂપિયાનું ઇનામ એનાયત કરવામાં આવ્યું.

-----------------------

## CM- NAGARPALIKA

રાજ્ય સરકારે માણાવદર અને વિસનગર નગરપાલિકાઓમાં નગર સેવા સદનના નિર્માણ માટે ૩ કરોડ રૂપિયા ફાળવવાનો નિર્ણય કર્યો છે.

સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત માણાવદર નગરપાલિકાને એક કરોડ રૂપિયા તથા વિસનગર નગરપાલિકાને બે કરોડ રૂપિયાની સહાય નગરસેવા સદન બાંધકામ માટે મળશે. વિસનગર નગરપાલિકા 'બ' વર્ગની નગરપાલિકા હોવાથી તેને બે કરોડ અને માણાવદર નગરપાલિકા 'ક' વર્ગની હોવાથી ૧ કરોડ રૂપિયા મંજૂર કરાયા છે. આ યોજના દ્વારા રાજ્યની મહાનગરપાલિકાઓ અને નગરપાલિકાઓમાં પાયાની માળખાકીય સુવિધાઓના કાર્યો હાથ ધરવામાં આવે છે.

-----------------------

## SCHOOL CLEAN

રાજ્યની પ્રાથમિક શાળાઓમાં છેલ્લાં ૨૦ વર્ષમાં ૮૧ હજાર થી વધુ શૌચાલયોનું નિર્માણ કરાયું છે. વર્ષ ૨૦૨૨-૨૩માં પ્રાથમિક શાળાઓની સ્વચ્છતા માટે ૬ હજાર ૮૯૦ લાખનો ખર્ચ કરવામાં આવ્યો છે. અત્યાર સુધીમાં સરકારી પ્રાથમિક શાળાઓને સ્વચ્છતા સહાય યોજના હેઠળ ૫૭ હજાર લાખથી વધુની સહાયચૂકવવામાં આવી છે. જેના પરિણામે ધો.૧ થી ૭ માં કન્યાઓનો ડ્રોપઆઉટ રેશિયો ૩૩.૧૭ ટકાથી ઘટીને ૩.0૧ ટકા સુધી પહોંચ્યો છે. અને સ્થાયીકરણ ૬૬.૮૩ ટકાથી વધીને ૯૩.૧૨ ટકા સુધી પહોંચ્યો છે.

------------------------

# VIJ SALAMATI SPTAH

હિંમતનગર ખાતે ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ દ્વારા "વીજ સલામતી સપ્તાહ"ની ઉજવણી અંતર્ગત રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ રેલી શહેરના મુખ્ય માર્ગો પર ફરી હતી. જેમાં વીજ વિભાગના અધિકારી, કર્મચારીઓ દ્વારા વીજ સલામતી વિશે લોકોને જાગૃત કરવામાં આવ્યા હતા.

------------------------

## BHAVNAGAR- BALVANTSINH RAJPUT

ઉદ્યોગ, ઉડ્ડયન, શ્રમ, કૌશલ્ય મંત્રી બળવંતસિંહ રાજપૂતે ભાવનગરમાં કોમન ફેસેલીટી સેન્ટરનું ઉદ્ઘાટન કર્યું.. ભાવનગરના ચિત્રા ઈન્ડસ્ટ્રીઝ

એસોસીએશન દ્વારા આ નવનિર્મિત કોમન ફેસેલીટી સેન્ટર રાજ્ય સરકારના ઉદ્યોગ વિભાગની સહાયથી તૈયાર કરવામાં આવ્યું છે.

ઉદ્યોગ મંત્રી બળવંતસિંહ રાજપૂતે જણાવ્યું કે, "ગુજરાત નું વિકાસ મોડલ આજે વિશ્વભરમાં પ્રસિદ્ધ થયું છે. મુખ્યમંત્રી શ્રી પટેલની અધ્યક્ષતામાં નાના ઉદ્યોગો, માઇક્રો ઈન્ડસ્ટ્રીઝ, સ્કિલ આધારિત શિક્ષણનું પ્રદાન, સ્કિલ આધારિત યુનિવર્સિટીનું નિર્માણ જેવા કાર્યો થઈ રહ્યા છે.

------------------------

## KUVARJI HALPATI- BETHAK

આદિજાતિ વિકાસ, શ્રમ અને રોજગાર, અને ગ્રામ વિકાસ વિભાગના રાજ્ય મંત્રી કુંવરજીભાઇ હળપતિના અધ્યક્ષસ્થાને સિંચાઈ વિભાગના ઉચ્ચ અધિકારીઓની એક અગત્યની બેઠક યોજાઇ હતી. જેમાં પાણીના વિવિધ પ્રશ્નો તથા વીજ કનેકશનના પ્રશ્નો અંગે વિસ્તૃત ચર્ચા વિચારણા કરવામાં આવી. આ બેઠક દરમિયાન ઉકાઇના વેપારીઓને ફાળવવામાં આવેલ મકાનોની ચર્ચા પણ હાથ ધરવામાં આવી હતી.

------------------------

## DIU- FOOTBALL

કેન્દ્રશાસિત પ્રદેશ દીવમાં નશામુક્તિ અભિયાન અંતર્ગત ફૂટબોલ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું. પાંચ દિવસ સુધી રમાનાર ટુર્નામેન્ટમાં પ્રદેશની કુલ આઠ ટીમોએ ભાગ લીધો છે. દીવ કલેકટર ફ્વર્મન બ્રહ્માએ ખેલાડીઓ અને ઉપસ્થિત તમામ લોકોને નશા મુક્તિના શપથ લેવડાવ્યા

હતા. તેમણે બંને ટીમોને પ્રોત્સાહન આપી ટોસ કરી ફૂટબોલ ની શરૂઆત કરાવી હતી.

------------------------

## G. KISHAN REDDY- VADNAGAR

કેન્દ્રિય પ્રવાસન મંત્રી જી.કિશન રેડ્ડીએ કહ્યું છે કે, મથુરા, ઉજ્જૈન, પટના અને વારાણસી જેવા જીવંત પ્રાચીન નગરોની શ્રેણીમાં હવે વડનગરની પણ ગણના થશે. તેમણે મહેસાણા જીલ્લામાં તાના-રીરી ગાર્ડન ખાતે વડનગરની ડોક્યુમેન્ટરી પર યોજાયેલા કાર્યક્રમમાં આ મુજબ જણાવ્યું હતું.

શ્રી રેડ્ડીએ કહ્યું કે, પ્રવાસન વિભાગે આ નગરના મહત્વપુર્ણ ઇતિહાસને ઉજાગર કરવામાં પ્રેરણાદાયી કામ કર્યું છે. આ પ્રસંગે, પ્રવાસનમંત્રી મુળુભાઇ બેરાએ જણાવ્યું કે, વડનગરમાં ૩૬૦ વાવ અને મંદિરો આવેલા છે.. આ નગરનો પોતાનો અલગ જ ઇતિહાસ છે.

-----------------------